**<u>મે. અંકલેશ્વરનાં ત્રીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું. અંકલેશ્વર</u>**

ક્રિમી.કેસ.નં. ૨૪૦૩/૨૦૨૩
આંક–

ફરીયાદી :– સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :– (૧) ગણેશભાઈ ભોલુંભાઈ
(૨) રાજેશભાઈ સોમાભાઈ
(૪) ભાવનાબેન W/O મનીષભાઈ શૈલેષભાઈ

**ગુનો : જુગાર ધારા કલમ:– ૧૨ (અ) મુજબ.**

**<u>:: ચૂ કા દો ::</u>**

**(૧)** આ કામે ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી જયોતિબેન રાજુભાઈ વસાવા રહે. તાડફળીયા અંકલેશ્વર શહેર નાઓએ પોતાના માણસ તેના વતી સુરતી ભાગોળ વાવ પાસે ગેરકાયદેસર રીતે સટા બેટીંગના આંક ફરકના આંકડાઓ લખી લખાવડાવી તેમજ ગણેશભાઈ ભોલુભાઈ વસાવા, રાજેશભાઈ સોમાભાઈ સોદાગર (મોચી) નાઓએ આંકડા લખાવડાવી પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનો ( આંકડા લખેલ બુક–૧, કાર્બન પેપર ટુકડા–૧, લાકડાનુ પાટીયુ ૦૧ તથા ચીઠ્ઠી નંગ–ર કિ.રૂા.૦૦.૦૦/– ગણી તેમજ અંગઝડતીના જુદા જુદા દરની નોટો મળી રોકડા રૂા. ૨૯૫૦/– મુદામાલ સાથે ગણેશભાઈ તથા રાજેશભાઈ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તેમજ જયોતિબેન વસાવા તથા અનય એક ઈસમ રેઈડ દરમ્યાન ભાગી જઈ એકબીજાની મદદગારી કરી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબ ગુનો કરેલ જે અંગેની અંકલેશ્વર એ ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૪૨૩૦૦૮૭/૨૦૨૩ થી ફરીયાદ નોંધાતા ફરીયાદ દાખલ કરી આરોપીઓ સામે ચાર્જશીટ સાથે રજુ કરાતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૦૭ મુજબ પેપર્સ આપવામાં આવેલ ત્યારબાદ આરોપીઓ દવારા ગુન્હો કબુલાત કરવાની ઈચ્છા દર્શાવતી પુરસીસ આપવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ સામે ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે, જે સંબંધની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીઓએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં પણ આરોપીઓએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે, જેથી આરોપીઓને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો

કબુલ કરતા તેઓ બંધાયેલા નથી, તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી આરોપીઓ તર્ફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવે છે.વધુમા, આરોપીઓ તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેઓને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે, જેથી દયા કરવા અરજ કરેલ છે.

નામ.ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧).જી.એલ.આર.પાના નંબર ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીશચંદ્ર ઠાકોરના કેસમાં એવો સીધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ,સદરહું ચુકાદામાં પાના નંબર ૭૨૧ .૫૨ પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે, તે ઘ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે, જેથી આરોપીઓની સ્થિતિ અને દંડ કરવો જોઈએ, તેમ હું નમ્રપણે માનુ છુ, જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હુ નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–//હુકમ//–**

૧. આ કામના આરોપી નં. ૧,૨,૪ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુનામા આરોપી/આરોપીઓને તકસીરવાન ઠરાવી, આરોપીને/ આરોપી દિઠ રૂા.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરા એમ કુલ રૂા.૬૦૦/– (અંકે રૂપીયા છ સો પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરેતો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આરોપી નં. ૩ પુરતો કેસ ઉભો રાખવામાં આવે છે.

૩. મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઉપરોકત ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વી.વી. શુકલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર
કોડ નં.જી.જે.૦૧૩૪૩